ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૮ ટકા ● સાંજે ૮૯ ટકા

# સિવિલમાં કોરોનાના ગંભીર દર્દીઓને પ્લાઝમા થેરાપી અપાશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર સિવિલમાં ૯૦૦ બેડની બિલ્ડીંગમાં કોરોના પોઝીટીવ દર્દીઓને સારવાર આપવામાં આવે છે. હાલ સિવિલમાં કોરોના પોઝીટીવ દર્દીઓથી વોર્ડ ભરાયેલા જોવા મળે છે. ત્યારે કોરોનાના ગંભીર દર્દીઓને ગાંધીનગર સિવિલમાં હવે પ્લાઝમાં થેરાપી આપવામાં આવશે. સિવિલમાં હાલમાં એક દર્દીએ પ્લાઝમાં ડોનેટ કર્યુ છે. આ થેરાપીથી ગંભીર દર્દીના શરીરમાં કોરોનાને નાથવા માટે માટે એન્ટી બોડી પેદા થશે અને દર્દી ઝડપી સ્વસ્થ બનશે.

કોરોનાએ કહેર મચાવ્યો છે, પાટનગરમાં પણ કોરોનાના દર્દીઓનો આંક વધતો જાય છે. કોવીડ હોસ્પિટલ દર્દીઓ મોટીસંખ્યામાં સારવાર મેળવી રહ્યા છે. ત્યારે સિવિલમાં ગંભીર સ્થિતિ ધરાવતા કોવીડ દર્દીઓને પ્લાઝમાં થેરાપી આપવામાં આવશે. ત્યારે કોરોના પોઝીટીવ દર્દીઓ સ્વસ્થ બન્યા બાદ ૨૮ દિવસ પછી તેમના શરીરમાંથી બ્લડ લેવામાં આવશે અને તેમાંથી પ્લાઝમાં અલગ પાડવામાં આવશે. આ પ્લાઝમાં કોરોનાના ક્રિટીકલ દર્દીઓને આપવામાં આવશે. જેથી દર્દીઓમાં એન્ટી બોડી પેદા થાય. આ માટે હાલના સમયે પોઝીટીવ દર્દીઓ સ્વસ્થ થઈને ઘરે ગયા હોય તેઓને કોલ કરીને પ્લાઝમાં ડોનેટ માટે સમજાવવામાં આવી રહ્યા છે. તાજેતરમાં એક દર્દીએ પ્લાઝમાં ડોનેટ કર્યુ છે. જે દર્દી કોરોના મુકત થયા હોય અને તેઓને બીપી, ડાયાબીટીસ, થેલેસેમીયા, કેન્સર જેવી ગંભીર બિમારી ન હોય તેવા દર્દીઓ પ્લાઝમાં ડોનેટ કરી શકે છે. પ્લાઝમાં થેરાપીને પગલે ગાંધીનગર સિવિલમાં સારવાર મેળવી રહેલા દર્દીઓને લાભ મળશે.



શ્રાવણ માસ પુરો થવા આવ્યો ત્યારે, નગરના ભુવનેશ્વર મંદિરના શિવલીંગને ફુલોથી સજાવવામાં આવ્યું છે.

## ઈન્ફોસિટી ટાઉનશીપમાં નર્મદાનું પાણી આપવા સ્થાનિક કોર્પોરેટરની રજૂઆત

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરની ઈન્ફોસિટી ટાઉનશીપ વસાહતમાં નર્મદાનું પાણી પુરું પાડવા બાબતે એક વર્ષ પૂર્વે પાણી પુરવઠા મંત્રીએ આપેલ વચન હજુ પણ પુરું કરવામાં આવ્યું નથી આ બાબતે સ્થાનિક કોર્પોરેટર પ્રવિણાબેન વોરા દ્વારા ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સભ્ય સચિવને પત્ર લખી યાદ દેવડાવવામાં આવી છે. પાણી પુરવઠા મંત્રી કુંવરભાઈ બાવળીયા દ્વારા વર્ષ ૨૦૧૯માં ૧૮મી સપ્ટેમ્બરે પત્ર લખી ઈન્ફોસિટી ટાઉનશીપમાં નર્મદાનું પાણી પુરું પાડવા સૂચના આપવામાં આવી હતી. પરંતુ આ વાતને એક વર્ષ પૂર્ણ થવા આવ્યું છતાં હજુ તે શકય બન્યું નથી. આથી પ્રવિણાબેન વોરા દ્વારા લેખિત રજૂઆત કરી હકારાત્મક ઉકેલ લાવવા તથા આ સંદર્ભે થયેલ કાર્યવાહી ધ્યાને લાવવા રજૂઆત કરી છે.

## ગીફટસીટીમાં આવેલી કંપનીના એકાઉન્ટન્ટ સામે છેતરપિંડીની ફરીયાદ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર ગીફટસીટી સ્થિત મેસર્સ એનએસઆઈ ઈન્ફીનીયર ગ્લોબલ લિમિટેડ કંપનીના પૂર્વ એકાઉન્ટન્ટ હેડ સામે ત્રીજી પોલીસ ફરીયાદ નોંધાઈ છે. કંપનીમાં ઉચાપત અને ડેટા ચોરીની ફરીયાદ બાદ હવે રૂ. ૫૦.૧૯ લાખની છેતરપિંડીની ફરીયાદ દાખલ થઈ છે. કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવતા સુનિલ નંદલાલ ભગતે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે જેમાં કંપનીમાં એકાઉન્ટન્ટ હેડ તરીકે નોકરી કરતા ચિંતન વ્યાસ ને તેમણે ૨૦૧૮ માં પોતાના નામે સાડાબાર લાખની લોન અપાવી હતી. જે તેમણે સમયસર ભરી દીધી હતી ત્યારબાદ સપ્ટેમ્બર -૨૦૧૯ માં ચિંતને ફરીથી પૈસાની જરૂરીયાત હોવાનું કહેતા ફરીયાદીએ પોતાના નામે રૂ.૧૦ લાખની લોન અપાવી હતી. આ લોન પેટે ચિંતને ૬ હપ્તા ભરીને રૂ.૧.૮૦ લાખ પરત કર્યા હતા. ત્યારબાદ ચિંતને હપ્તા ભરવાનું બંધ કરી દીધુ હતું. જેથી ફરીયાદી પૈસાની ઉઘરાણી કરતા ચિંતને પૈસા આપી દેવાનો વિશ્વાસ અપાવ્યો હતો. આ દરમિયાન ફરીયાદીને જાણ થઈ હતી કે ચિંતનો કંપનીમાંથી કરોડો રૂપીયાની ઉચાપત કરી છે. બીજી તરફ ચિંતન વ્યાસે કંપનીના અન્ય કર્મચારીઓ રાજકુમાર કોયરી પાસેથી રૂ.૧૭ લાખ અને દિક્ષિતકુમાર પ્રજાપતિ પાસેથી ૨૫ લાખ લીધા છે. જેને પગલે સુનિલ ભગતે પોતાના ૮.૧૯ લાખ અને અન્ય બે કર્મચારીઓ પૈસા મળી કુલ રૂ. ૫૦,૧૯,૧૨૫ રૂપિયાની છેતરપિંડીની ફરીયાદ નોંધાવી છે. ડભોડા પોલીસે ફરીયાદ લઈ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



નગરના સે-૫ ખાતે વસાહતીઓના ઘર પાસે ભૂગર્ભ પાઈપલાઈન નાંખવામાં આવી છે. પાઈપલાઈન નાખતી વખતે ખૂબ ઊંડાણથી ખોદકામ કરવામાં આવ્યું છે પરંતુ કામ પૂર્ણ થયા પછી બરાબર માટી પુરાણ કરવામાં આવ્યું નથી. જેને કારણે વરસાદના પાણી આ જગ્યા પર ભરાઈ જવાથી રોડ પાસે અવરજવર કરવામાં સ્થાનિકોને તકલીફ પડે છે અને નાના-મોટા અકસ્માત પણ થાય છે તેમ સે-૫ વસાહત મંડળના પ્રમુખ કેસરીસિંહ બિહોલા જણાવે છે તથા સે-૫ના સ્થાનિકોની માંગ છે કે આ ખોદકામ તથા અવ્યવસ્થિત પુરાણને વ્યવસ્થિત કરવામાં આવે.

## શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા સામ શ્રાવણીનો કાર્યક્રમ મોકુફ

ગાંધીનગર, તા.૧૮

વર્તમાન કોરોનાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા દર વર્ષે યોજાનાર હસ્ત નક્ષત્રમાં નૂતન યજ્ઞોપવિત ધારણ કરવા માટે યોજાતો સામ શ્રાવણીનો કાર્યક્રમ મોકુફ રાખવામાં આવ્યો છે. આ બાબતે સંસ્થાના મંત્રી પ્રશાંત ઓઝા જણાવે છે કે, શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈને ઘરે રહો સ્વસ્થ રહોના સંકલ્પ સાથે સામવેદી જ્ઞાતિજનો માટે તા. ૨૨ ઓગષ્ટના રોજ નૂતન યજ્ઞોપવિત ધારણ કરવા માટે યોજાનારો કાર્યક્રમ મોકુફ રાખવાનો નિર્ણય સંસ્થા દ્વારા લેવામાં આવ્યો છે. આ ઉપરાંત યજ્ઞોપવિત બદલવાની સંક્ષિપ્ત વિધિ સોશિયલ મિડિયાના માધ્યમથી વોટસએપ ગ્રુપ દ્વારા પ્રત્યેક જ્ઞાતિજનોને પહોંચડવાનો પ્રયાસ કરવામાં આવશે. સંસ્થાના પ્રમુખ વિપીનભાઈ ઓઝા દ્વારા તમામ જ્ઞાતિજનોને પોતાના ઘરે જ રહી નૂતન યજ્ઞોપવિત વિધિપૂર્વક ધારણ કરી અને સ્વસ્થ રહેવા જણાવાયું છે.




વિક્રમ સારાભાઈ જન્મજયંતી અંતર્ગત યોજાયેલ રાજયકક્ષાની સ્પર્ધામાં સંસ્કાર તીર્થ આજોલ, ગાંધીનગરની વિદ્યાર્થીની ત્રીજા ક્રમે વિજેતા થઈ હતી.


## વાવોલમાં વર્ષો જુની પરંપરા અનુસાર ત્રણ દિવસ અણુંજા પળાશે

### શુક્ર-શનિ-રવિમાં અણુંજા દરમિયાન ગામમાં ઘંટીઓ-દૂધની ડેરીઓ-વાળંદની દુકાનો વગેરે બંધ રહેશે : સોમવારે સવારે અણુંજા છુટા થશે

ગાંધીનગર, તા.૧૮

વાવોલ ગામમાં આગામી તા. ૨૧ થી ૨૩ ઓગસ્ટ દરમિયાન ત્રણ દિવસ માટે પરંપરાગત રીતે અણુંજા પાળવામાં આવશે. ગામમાં અણુંજા પાળવાની વર્ષો જુની આ પરંપરા અંતર્ગત ત્રણ દિવસ દરમિયાન ગામના દૂધ ઉત્પાદકો દૂધ ડેરીમાં ભરાવશે નહી અને ગામમાં ઘંટીઓ તથા વાળંદની દુકાનો બંધ રહેશે તેમજ ગામના કોઈ પણ વ્યકિત કયાંય સગા સંબંધીના ઘરે રાતવાસો કરશે નહીં.

તાજેતરમાં ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવેશ પામેલ વાવોલ ગામમાં વર્ષો જુની ધાર્મિક પરંપરા અનુસાર ત્રણ દિવસ માટે અણુંજા પાળવામાં આવે છે. વર્ષો જુની આ અકબંધ રહેલી પરંપરા અનુસાર ગામમાં તા. ૨૧, ૨૨ અને ૨૩ ઓગસ્ટ શુક્ર, શનિ, રવિ દરમિયાન અણુજા પાળવાની જાહેરાત ગામના સરપંચ નગીનભાઈ નાડિયા દ્વારા કરવામાં આવી છે. સરપંચ દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે કે આ ત્રણ દિવસ દરમિયાન ગામમાં ઘંટીઓ, ડેરીઓ, સલુનો વગેરે બંધ રહેશે અને ગ્રામજનો અણુંજા પાળવા માટે તા. ૨૦મી ઓગસ્ટે સીધુ-સામાન-કરિયાણું ખરીદી શકશે. તા. ૨૪મી ઓગસ્ટ સોમવારે સવારે ૭ કલાકે અણુજા છુટા થશે ત્યારબાદ ગ્રામજનોનું જનજીવન રાબેતા મુજબ થઈ જશે. પ્રાપ્ત વિગતો અનુસાર ગામમાં જેના ઘરે દુધાળાં ઢોર હોય તેઓ તેનું દૂધ લોટા ભરીને અડોશ પડોશમાં ભેટ આપી દેશે પરંતુ તેનો વેપાર કરશે નહીં. આ અનોખી ધાર્મિક પ્રથાથી વાવોલના નવા વિકસેલા સોસાયટી વિસ્તારમાં ભારે કુતુહલતા જોવા મળી રહી છે.



સે-૧૬ સ્થિત સોમનાથ મહાદેવ મંદિરમાં શ્રાવણ મહિનાના આખરી સોમવારે ફુલ અને દીપમાળાનું સુશોભન કરવામાં આવ્યું હતુ. સાંજે ભોળાનાથની ભવ્ય આરતી અને શિવમહિમ્ન પાઠ પણ કરવામાં આવ્યા હતા.

## ભાટ ખાતે પરિણિતાના આપઘાત મુદ્દે પિતાએ સાસરીયાઓ સામે દુષ્પ્રેરણની ફરીયાદ નોંધાવી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર ભાટ ગામની સીમમાં આવેલી નીલકંઠ સોસાયટી-૨ ખાતે પરિણિતાના આપઘાત બાદ પતિ, સસરા અને નણંદ સામે આપઘાતના દુષ્પ્રેરણની ફરીયાદ અડાલજ પોલીસ મથકે નોંધાવા પામી છે.

મળતી માહિતી મુજબ અડાલજ પોલીસ મથકે નોંધાવેલી ફરીયાદ મુજબ જામનગર ખાતે રહેતા મહેશભાઈ પુંજાણીની મોટી દિકરી હીમા (ઉં.૨૯)ના લગ્ન જાન્યુઆરી માસમાં ભાટ ખાતે રહેતા અંકિત મહેશભાઈ અસારાની (મકાન નં.૩૫, નીલકંઠ સોસાયટી-૨) ખાતે થયા હતા. અંકિતને પ્રથમ લગ્નજીવનમાં ૫ વર્ષની દિકરી હતી. જેની સારસંભાળ પણ હિમા રાખતી હતી. ફરીયાદીના આક્ષેપ મુજબ લગ્નના થોડા સમય બાદ પરિણિતાને પતિ અંકિત, સસરા, મહેશભાઈ પરષોતમભાઈ અસરાની તેમજ નણંદ એકતાએ શારીરીક માનસિક ત્રાસ આપવાનો શરુ કર્યો હતો. સાસરીપક્ષવાળા હિમા પાસે રૂપીયાની માંગણી કરીને ઘરકામમાં વાંધા વચકા કાઢતા હતા. જેમાં પતિ અંકિત મહિલાને માર મારતો હતો, જેના ત્રાસથી મહિલાએ પિયરમાં ત્રણ-ચાર વખત જાણ કરી હતી. પરંતુ માતા-પિતા તેને સમજાવીને સાસરીમાં રહેવાનું કહેતા હતા. સાસરીવાળાનો ત્રાસ સહન ન થતા મહિલાએ આખરે ગત તા.૩ ઓગસ્ટના રોજ ભાટ ખાતે ગળે ફાંસો ખાઈને જીવન ટુંકાવી દીધુ હતું. દિકરીના મૃત્યુને પગલે ભાગી પડેલા પિતાએ અંતિમક્રિયા બાદ બારમુ-તેરમાની વિધી બાદ અડાલજ પોલીસ મથકે દુષ્પ્રેરણની ફરીયાદ નોંધાવી હતી. અડાલજ પોલીસે મૃતક મહિલાના પતિ, સસરા અને નણંદ સામે આપઘાતના દુષ્પ્રેરણનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે.



ગાંધીનગર શહેરના સેકટર-૭/સી માં કોરોનાનો એક પોઝિટીવ કેસ આવ્યો છે. જે અંતર્ગત આજરોજ સેકટર-૭/સીના કોરોના પોઝિટીવ કેસ આવેલા ઘરની આસપાસના કેન્ટેન્ટમેન્ટ એરિયાના ઘરોના સભ્યોનું મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા સ્કેનીંગ શરૂ કરવામાં આવ્યું હતું. આ કાર્ય ધન્વન્તરી રથ, સેકટર-૨ અર્બન હેલ્થ સેન્ટર દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ સ્કેનીંગનું કામ ર્ડા. દેવાંશી મહેતા અને એસ.આઈ.એન શ્રી આરીફા સૈયદના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં તમામ ઘરોના સભ્યોની શરીરનું તાપમાન અને ઓકિસજન લેવલ માપવામાં આવ્યું હતું. તેમની રોગપ્રતિકારક શક્તિ વધે તે માટે આયુર્વેદ અને હોમિયોપેથીક દવાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું તે સમયની તસ્વીર.




એસોસીએશન ફોર સોશ્યલ વેલફેર એન્ડ ડેવલોપમેન્ટના સ્થાપક નરેન્દ્રસિંગ છાબડાની પ્રથમ વાર્ષિક પૂણ્યતિથી નિમિત્તે તેમના પરિવાર દ્વારા નગર સ્થિત ગુરૂદ્વારાની બહાર પાણીની પરબ બંધાવવામાં આવી. જેનું લોકાર્પણ મેયર રીટાબેન પટેલ તથા ડેપ્યુટી મેયર નાજાભાઈ ધાંધર દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે મહેન્દ્રભાઈ પટેલ, મિત્તલબેન રાણા, મણીબેન દેસાઈ, મનોજભાઈ શુકલ, કિશોરભાઈ જીકાદરા, સુરેશભાઈ મહેતા તથા છાબડા પરિવારના સભ્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### ચિરવિદાય

- સ્વ. ધીમંતકુમાર ચંદુલાલ વોરા, ઉ.વ. ૭૭, સેકટર-૭, ગાંધીનગર
- સ્વ. રાણા સજનબા રામસિંહ, ઉ.વ. ૯૦, મુ. ધણપ, તા. ગાંધીનગર
- સ્વ. ઠાકોર બબાજી વાલાજી, ઉ.વ. ૬૦, માણેકપુર, તા. માણસા
- સ્વ. ખેમીબેન ડાહ્યાભાઈ સોલંકી, ઉ.વ. ૬૬, સેકટર-૪, ગાંધીનગર
- સ્વ. મહેન્દ્રભાઈ વાડીલાલ મોદી, ઉ.વ. ૭૯, પાલડી, અમદાવાદ
- સ્વ. દંતાણી ઉકાભાઈ છનાભાઈ, ઉ.વ. ૪૯, સેકટર-૨૦, છાપરાં

## ધોધમાર વરસતા વરસાદમાં શહેરમાં બે ગૌમાતાનું દિલધડક રેસક્યુ ઓપરેશન

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરમાં સોમવારે રાત્રે વરસતા વરસાદમાં જ્યારે શહેરમાં દ્રશ્ય ધૂંધળાં થઈ ગયા હતા ત્યારે સર્જાયેલા બે અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલી બે ગૌમાતાને ગાંધીનગર અને અમદાવાદના જીવદયાપ્રેમી યુવાનો દ્વારા સંસ્થા ફોર લેગ રેસ્કયુ મદદથી દિલધડક રેસક્યું ઓપરેશન હાથ ધરીને બંને ગૌમાતાને સઘન સારવાર અર્થે અમદાવાદની જનની ગૌશાળાની હોસ્પિટલ ખાતે મોકલવામાં આવી હતી.

પાટનગરમાં સોમવારે રાત્રે જ્યારે ભારે વરસાદ પડતો હતો ત્યારે શહેરના પ્રવેશદ્વાર સમા ચ-૦ સર્કલ પાસે એક ગાયને અજાણ્યા વાહને ટક્કર મારતા તે ગંભીર રીતે ઘાયલ અવસ્થામાં રોડ પર ફસડાઈ પડી હતી. આ ઘટનાની જાણ શહેરના જાણીતા ‘ગાંધીનગર વોલેંટીયર્સ’ ગ્રૂપના યુવા જીવદયાપ્રેમી વિવેક પરમારને થતાં તેઓ તુરંત જ ઘટનાસ્થળે ધસી ગયા હતા. આ સમયે શહેરના પ્રકૃતિ યુવા સંગઠન ટ્રસ્ટના તેજસ ગામિત અને મા



ફાઉન્ડેશનના રાજુભાઈ તેમજ અન્ય પ્રાણી પ્રેમી સાગરભાઈ ઉપરાંત કૌશલભાઈ અને તેમની ટીમ હાજર થઈ ગઈ હતી. કૌશલભાઈની ટીમે ટ્રાફિક નિયમન સંભાળ્યું હતું અને તેજસ ગામિત, રાજુભાઈ અને વિવેક પરમાર સહિત સ્વયંસેવકો ગાયને સંભાળી રહ્યા હતા પરંતુ ગાયને ઈજાઓ ખૂબ વધુ હોવાથી તેમણે અમદાવાદ-ગાંધીનગર વિસ્તારમાં ચોપગા અબોલ પશુઓના બચાવ કાર્ય કરતાં મિતેશભાઈ અને અજયભાઈ ચૌહાણનો સંપર્ક કરી તેમની સંસ્થા ૪Leg Rescueની સહાય મેળવી હતી. તેમણે જ્યારે અજયભાઈને કોલ મળ્યો ત્યારે તેઓ એક બીમાર ગાયની સારવારમાં જ વ્યસ્ત હતા અને દુર્ભાગ્યે એ ગાય બચી શકી નહોતી. આ પછી તેઓ વરસતા વરસાદમાં જ ગાંધીનગર ધસી આવ્યા હતા અને ચ-૦ પાસે ગંભીર રીતે ઘાયલ ગાયને સારવાર આપવાની પ્રક્રિયા હાથ ધરી હતી. જોકે આ ગાયને ગંભીર ઈજાઓ હોવાથી વરસાદમાં સ્થળ પર સારવાર શક્ય ના લાગતાં તેને ખાસ પ્રકારની ક્રેન દ્વારા વાહનમાં ચડાવી અમદાવાદની જનની ગૌશાળાની હોસ્પિટલ ખાતે સારવાર અર્થે મોકલવામાં આવી હતી. આ બચાવ કાર્ય સંપન્ન થાય તે પહેલા જ ત્યાંથી નજીકના વિસ્તારમાં વધુ એક ગાયને અકસ્માત થયાનો કોલ ફોર લેગ રેસ્કયુની ટીમને મળ્યો હતો જેને પણ ગંભીર ઈજાઓ હોવાથી આ સમગ્ર ટીમે સ્થળ પર પહોચી જનની ગૌશાળાની હોસ્પિટલ ખાતે સારવાર માટે મોકલવાની તજવીજ કરી હતી.